


ફોન : ૨૩૨૨૬૨૫૧




આપણાં પોતાનાં આ અખબારને વધાવી લઇએ,
ખૂશી નવા રૂપની, આજ લાપસી રંધાવી દઇએ,
મઢાવી દઇએ હૃદયમાં કાયમ પ્રેમની તસ્વીર -
ને આજથી ગણી પોતીકું લવાજમ બંધાવી દઇએ..




'સમાચાર'ને
સાહિત્ય-રસથાળ
જમો પ્રેમથી..

ભેટ-કૂપન,
અનેક ઉપહાર -
કરો સ્વીકાર..

(હૃદયથી, આવકારી, લવાજમ ભરી, પ્રેમની અભિવ્યક્તિ કરો)

## ચિંતન

**આક્રાન્તાસુ વસુંધરાસુ યવનૈરાસેતુ દેમાચલં વિદ્રાણે ક્ષિતિ ભૃદ્દણે વિકરૂણે નિદ્દતિ નારાયણે ।**
**નિર્વિઘ્ન પ્રસરે કલાવપિ બલાન્નિષ્ટંટક વૈદિકં પંથાનં કિલ તત્ર પરિપાત્યેકો હિ લોકોત્તરઃ ॥**

આજના યુગમાં સમુદ્રથી હિમાલય સુધીના તમામ પ્રદેશો પર યવનોએ આક્રમણ કર્યાં છે દુષ્ટ રાજાઓ નાશ પામવા લાગ્યા છે, નારાયણ પોતે પણ સમુદ્રમાં નિંદ્રાધીન થઇ ગયા છે અને એ રીતે કળિયુગ વિઘ્ન રહિત પોતાનું શાસન વિસ્તારી રહ્યો છે અને ફેલાઇ રહ્યો છે, એવે સમયે, જો કોઇ વૈદિક માર્ગ-હિંદુત્વનું રક્ષણ કરે તો એવો એકાદ જણને પણ અલૌકિક માનવો.'

આ શ્લોક સ્વાતંત્ર્ય પહેલાંનો છે, પણ આજેય, પશ્ચિમની હવા ઉત્તર ભારતથી દક્ષિણ ભારત સુધી પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરથી પોતાનું આક્રમણ કરે છે.

ભગવાનને પણ જાણે વૈદિક ધર્મ અને હિંદુત્વની પડી ન હોય એમ પોઢી ગયા છે.

આવા સમયે હિંદુત્વનો એકાદ રક્ષણ કરનારો પણ જાગૃત હોય તો એ રાષ્ટ્રનો, હિંદુ સંસ્કૃતિનો ઉદ્ધારક છે એમ સમજવું.

## સુવિચાર

- પાની કા અભાવ પ્યાસ નહીં હૈ, પાની કી ઝંખના પ્યાસ હૈ, ધન કા અભાવ કંગાલીયત નહીં હૈ, ધન કી ઝંખના હી કંગાલીયત હૈ **- રજનીશ**
- તમારી અંદરનો સત્યનો પ્રકાશ ઝળહળતો રાખો, ભય તમારામાં કદી પ્રવેશી સકશે નહીં **- રામતીર્થ**
- કોઇ પણ માણસ જયાં સુધી સારા થવાનો પ્રયાસ ન કરે ત્યાં સુધી પોતે કેટલો ખરાબ છે તે જાણી શકતો નથી **- ઝેન કથન**
- માણસ હોંશિયાર છે કે નહીં એ તેણે આપેલા જવાબ પરથી આપણે કહી શકીએ, એ શાણો છે કે કેમ એ એણે આપણને પૂછેલા સવાલ પરથી નક્કી કરી શકીએ **- એસ. ભટ્ટાચાર્ય**
- બીજ ને કયાં ખબર હોય છે કે કેટલી ડાળીઓ, કેટલા પાંદડા અને કેટલા ફૂલ તેનામાં સમાયેલાં છે **- સુરેશ દલાલ**
- પ્રેમથી કરેલા કામમાં થાક નથી, અને વેઠથી કરેલા કામમાં આનંદ નથી **- મોરારિ બાપુ**
- 'પ્રાપ્ત કરીને જ રહીશ' એવી ખુમારી રાખો **- ડો. કુરીયન**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

સારાં કે માઠાં કર્મનું ફળ - વહેલું કે મોડું મળે જ છે સારું કરો તો સારું થાય ખરાબ વિચારો તો ખરાબ થાય. આ સનાતન સત્ય નિયમ છે.

એક વિધવાનો યુવાન પુત્ર ખરાબ સંગતને કારણે ઘર છોડી ચાલ્યો ગયો હતો. ત્યારે એ વિધવા જમ્યા પહેલાં બે રોટી બનાવી પહેલાં કોઇ ભિક્ષુકને આપે પછી જ ખાતી.

એક ભિક્ષુકને આ નિયમની જાણ થઇ ગઇ હતી તેથી દરરોજ રસોડાંની બારીમાં મૂકેલી રોટલી લઇ જતો અને બોલતો. સારાં કામનો બદલો હંમેશાં સારો જ મળે. ખરાબ કામનો ખરાબ.'

વિધવા-સ્ત્રી આ સાંભળી ગુસ્સે થતી એક દિવસ તેણીએ બે રોટલી પર ઝેર લગાડ્યું. બારીમાં મૂકી પણ પછી પશ્ચાતાપ થયો રોટલી ચૂલામાં બાળી નાખી. નવી બે બનાવી રાખી દીધી.

વર્ષો પછી દીકરો ખાવાના સમયે પાછો આવ્યો એના હાથમાં બે રોટલી હતી. કહ્યું મને ફકીરે આપી કહ્યું તું ભૂખ્યો છે અને તારા નશીબની છે. મા મને ગોળ આપ તો હું એની સાથે આ રોટી ખાઇ જાઉં.'

વિધવા સ્ત્રી ને હવે સમજાયું, જો ઝેરવાળી જ રોટલી રાખી દીધી હોત તો? પોતાના હાથે જ પુત્રનું મૃત્યુ થાય. ફકીરનું વાક્ય હવે તેણીને અક્ષરસહ સમજાયું..

Email - sureshchandrabhatt18@gmail.com

# બલિહારી ગુરૂ આપકી...

## તંત્રી સ્થાનેથી....

ભારતીય સંસ્કૃતિમાં માતા-પિતા પછી તરત જ ગુરુનો મહિમા ગવાયો છે. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, ગુરુદેવો ભવા ગુરુ વગરના માનવી માટે 'નુગરો' શબ્દ વપરાય છે. નુગરાનું જીવન ધૂળધાણી ગણાતું રહ્યું છે. ગુરુના મહિમાનું પર્વ એટલે ગુરુપૂર્ણિમા. સર્વકાલીન મહાગુરુ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસના પ્રાગટ્યપર્વ લેખે આ દિવસ વ્યાસપૂર્ણિમા તરીકે પણ ઓળખાય છે. અર્વાચીન કાળમાં થયેલા દયાનંદ, વિવેકાનંદ, સ્વામી સહજાનંદ, સાંઈબાબા, મહામતિ પ્રાણનાથ કે રામકૃષ્ણ પરમહંસ અને મહર્ષિ અરવિંદ - એ બધા આપણી ભવ્ય અધ્યાત્મ પરંપરાના ધુરંધરો છે. ભારત એમના થકી જ 'વિશ્વગુરુ' બની શક્યું છે. 'ગુ' અને 'રુ' અક્ષરોના સંયોજનથી બનેલો આ બે અક્ષરનો શબ્દ અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનાર અધ્યાત્મવિભૂતિ માટે પ્રયોજાય છે. વિદ્યાગુરુ કે શિક્ષાગુરુનું મહત્ત્વ ઓછું આંકવાની જરૂર નથી, પરંતુ જે ગુરુનું પૂજન-અર્ચન થાય છે તે 'ટીચર' કરતાં વિશેષ 'પ્રીચર' - અર્થાત્ ઉપદેશક હોય છે. પશ્ચિમમાં આવી ગુરુપૂજન પ્રથા નથી. ત્યાં વિદ્યા પણ વેચી તથા ખરીદી શકાય એવી એક બજારુ કૉમોડિટી છે. આપણી સંસ્કૃતિમાં વિદ્યા અત્યંત પવિત્ર વારસો છે, જે ગુરુની 'કૃપા'થી પ્રાપ્ત થતી હોય છે. ગુરુ એના બદલામાં વિનીત ભાવે અપાયેલી દક્ષિણા સ્વીકારે છે, 'ફી' નહીં. પ્રાચીન ગુરુઓમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર, વાલ્મીકિ, વ્યાસ અને શુકદેવ જેવી વિભૂતિઓ છે. સાંદીપનિ કૃષ્ણ-સુદામાના ગુરુ છે પરંતુ કૃષ્ણ તો જગદ્ગુરુ છે. ગીતાનું જ્ઞાન એ વિશ્વનો અભૂતપૂર્વ આધ્યાત્મિક વારસો છે. મનથી હારી ગયેલા માનવીને એ કર્મયોગની દીક્ષા આપે છે. હથિયાર હેઠાં મૂકી રણમેદાનમાંથી પલાયન થઈ જવા માગતા અર્જુનને એનો સાચો 'ધર્મ' બતાવી છેવટે તો કૃષ્ણ આટલું જ કહે છેઃ તારા માટે મને જે કહેવાજોગ લાગ્યું તે મેં કહ્યું. હવે તને જેમ ઠીક લાગે એમ કર! અર્જુનની આંખો ઊઘડી ગઈ છે. એટલે એ છેલ્લે પૂરા આત્મવિશ્વાસપૂર્વક કહે છેઃ કરિષ્યે વચનં તવ - તમારું કહ્યું બધું જ કરીશ, કારણ કે મારો મોહ દૂર થયો છે અને સ્મૃતિ પાછી આવી છે - મારે શું કરવું જોઈએ એનું ભાન થઈ ગયું છે. ગુરુ એના શિષ્યને એનો ગુમાવેલો આત્મવિશ્વાસ પાછો મેળવી આપવાનું કામ કરે છે. યુગે યુગે માનવજાતને આવા મહાગુરુ મળતા રહ્યા છે. ક્યાંક એ બુદ્ધ-મહાવીર સ્વરૂપે પ્રગટ્યા છે તો ક્યાંક મહંમદ કે ઈસુ રૂપે. સોક્રેટિસ પણ એના સમયનો મહાગુરુ છે. કબીરને પણ કેમ ભૂલીએ? એમણે તો રૂઢિગત માનવસમાજને ટપારી ટપારીને સત્યની અહાલેક જગાવી છે.

ગુરુ કુમ્હાર સિષ કુંભ હૈ, ગઢ ગઢ કાઢે કોટ,
અંદર હાથ સહાર દે, બાહર બાહે ચોટ।

ગુરુ હંમેશાં પોતાના શિષ્યથી પરાજિત થવા ઝંખતો હોય છે. પુત્રાત્ શિષ્યાત્ ઈચ્છેત પરાજયમ્ । ભગવાન બુદ્ધે 'અપ્પ દીપો ભવ' કહી 'તારો ગુરુ તું જ થા'- એવી મુદ્દાની વાત કરી. કૃષ્ણે અર્જુનને આખી ગીતા સંભળાવી દીધા પછી પણ એ સ્તો કહ્યું હતું! આદિ શંકરાચાર્ય, ગુરુ નાનક અને ગુરુ ગોવિંદસિંહ કે શિવાજીના ગુરુ રામદાસથી લઈ ગાંધી જેવા વીસમી સદીના વિશ્વગુરુએ જેમને ગુરુપદે સ્વીકાર્યા એવા રસ્કિન, ટૉલ્સ્ટૉય અને શ્રીમદ્ રાજચંદ્રને પણ સંભારી લઈએ. ગુરુ વિના જ્ઞાન નહીં-પરંતુ એ 'જ્ઞાની ગુરુ'ની પરખ શું? પૂછો અક્રમ વિજ્ઞાની- આત્મજ્ઞાની દાદા ભગવાનને!

બલિહારી ગુરુ આપકી
ગોવિંદ દિયો બતાય....

# 'મુક્તિ' માટે આભાર માનતા બંને હાથ ઉંચા કરી હાથ ભેગા કરવા જાય છે ત્યાં જ...




ભાવનગર શહેરના બાર્ટન લાઈબ્રેરી પાસે આવેલ વિદ્યુત મેનશન નજીકની શારદા સોસાયટીની લોનમાં આજે ૭૫ વર્ષ પૂરાં કરતાં દિનકરરાયનો અમૃતપર્વ તેમજ દિવ્યાબેન સાથે લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂરા કરતાં બેવડા પ્રસંગનો સમારંભ, દિનકરરાયના પુત્ર અજીત યોજે છે. મિત્રો, સગા-સંબંધી, પરિવારજનોની હાજરીમાં દિનકરરાય કેક કાપે છે અને સર્વપ્રથમ તેમનાં ધર્મપત્ની દિવ્યાબેનને કેકનો કડકો મોઢામાં મૂકી અભિનંદન આપે છે, ત્યારબાદ પુત્ર, પુત્રવધૂ, દીકરી-જમાઈ, પૌત્રો પરિવારજનોને કેક ખવડાવી મોઢું મીઠું કરાવે છે. રંગેચંગે પ્રસંગની પૂર્ણાહુતિ પછી કાફલો હર્ષ અને ઉલ્લાસ સાથે છૂટો પડે છે.

પ્રસંગને બીજે દિવસે દિનકરરાયને સવારથી પેટમાં દુઃખાવાની તકલીફ શરૂ થાય છે. ઘરગથ્થું ઉપાયો કર્યા છતાં દુઃખાવો મટતો નથી. તેથી તેમની બાજુમાં રહેતાં તેમના ફેમીલી ડૉક્ટરને બોલાવવામાં આવે છે જે એસીડીટી હોવાનું જણાવે છે અને તે મુજબ દવાઓ આપે છે. ડૉક્ટરને જતાં જતાં દિવ્યાબેન પૂછે છે કે આવો જ દુઃખાવો એમને થોડા દિવસ પહેલાં થયેલો એટલે વિશેષ કોઈ તકલીફ તો નથી ને? ડૉક્ટર સાહેબ જણાવે છે કે આ દવાથી આરામ થઈ જશે, ત્યાર પછી બીજા ટેસ્ટ કરાવી આગળ વિચારીશું?

આ વાતને લગભગ આઠેક માસનો સમય થઈ જાય છે તે દરમિયાન કેન્સરની તકલીફ છે તેવું ફલિત થતાં, જઠર તથા આંતરડાંનું ઓપરેશન પણ કરાવવામાં આવે છે અને તે પછીની કેમોથીયરીની ટ્રીટમેન્ટ પણ શરૂ કરવામાં આવી હોય છે પરંતુ ફેર પડતો નથી, દિનકરરાયને આ બધી ટ્રીટમેન્ટને લીધે નબળાઈ તથા વજન ઓછું થવાનું જણાય છે, તેથી પોતાની પત્ની દિવ્યાબેનને જણાવે છે કે મારો દુઃખાવો ઓછો થતો નથી, તમે બધા મારી સારવાર કરો છો તેને લીધે તમને પણ દોડાદોડીને લીધે થાક લાગે છે તે તમારા શરીર ઉપરથી લાગે છે, તેથી હવે વિશેષ મને તકલીફ ન પડે અને આમાંથી 'મુક્તિ' મળે તેવું વિચારો.

આ તબક્કે દિવ્યાબેનને આજથી ચાર-પાંચ વર્ષ પહેલાં તેમની પાડોશમાં રહેતા, ગજેન્દ્રરાયને હૉસ્પિટલમાં જોવા ગયા તે પ્રસંગ યાદ આવે છે, ગજેન્દ્રરાય પંદરેક દિવસથી કૉમામાં જતા રહ્યા હતા. બચવાની કોઈ આશા હતી નહિ, વેન્ટીલેટર ઉપર લેવાઈ ગયા હતા. ત્યારે તેમની ખબર કાઢી પાછા ફરતાં હતા. દિનકરરાયે કહ્યું હતું કે મને આવી કશી બીમારી આવે તો વધારે રાહ ન જોતાં, સત્વરે 'મુક્તિ' મળે તેવું કરજો, આજે દિવ્યાબેનને દિનકરરાયના આ શબ્દો યાદ આવે છે અને શું કરવું તેના વિચારે ચઢી જાય છે, દિવ્યાબેનથી દિનકરરાયનું દુઃખ જોવાતું નથી.

હૉસ્પિટલમાં ડૉક્ટરસાહેબ જયારે દિનકરરાયને જોવા આવે છે ત્યારે દવા કેવી રીતે લેવી, કયારે લેવી વિગેરેની સૂચના નર્સને આપી રહ્યા હતા ત્યારે દિવ્યાબેન ડૉક્ટર સાહેબને પ્રશ્ન કરે છે કે, ડૉક્ટર સાહેબ તેમને સારું થશે કે નહિ?

આ સાંભળી ડૉક્ટર સાહેબ કહે છે કે, અમે દર્દીને રોગમુક્ત કરવા પ્રયત્નો કરીએ છીએ પરંતુ દિનકરરાયના કિસ્સામાં આ મહારોગ ખૂબ જ આગળ વધી ગયો છે જે અંગેની શ્રેષ્ઠ ટ્રીટમેન્ટ અમે આપી રહ્યા છીએ અને ટૂંક સમયમાં જ દિનકરરાય સારા થઈ જશે, માટે ચિંતા કરો નહિ. ડૉક્ટર સાહેબના આવો જવાબ સાંભળી વધારે વિચાર ન કરતાં, દિવ્યાબેન તેના પુત્રને સૂચના આપે છે કે હવે તારા પિતાને વધારે સમય અહીં રાખવાની જરૂર જણાતી નથી, તું દવાખાનાનો હિસાબ સમજી, કાલે જ ઘરે લઈ જવાની વ્યવસ્થા કરજે.

આમ દિનકરરાય ઘરે આવે છે પરંતુ એક જ દિવસમાં તબિયત વધારે બગડે છે. પુત્ર-પુત્રવધૂ - દીકરી - જમાઈ, પૌત્રો વિગેરે ભેગાં થયાં છે. તેમની સાથે આંખો ફેરવતાં - ફેરવતાં તેમની આંખો પત્ની દિવ્યાબેન સાથે મળે છે. મનોમન 'મુક્તિ' માટે આભાર માનતા હોય તેમ બે હાથ ઊંચા કરી, હાથ ભેગા કરવા જાય છે ત્યાં જ બંને હાથ દિવ્યાબેનના હાથમાં આવી જતાં, 'મુક્તિ' આપતાં હોય તેમ દિવ્યાબેનની આંખોમાંથી અશ્રુધારા થાય છે.

# રિયો પૃથ્વી સંમેલનમાં એકવીસમી સદીમાં પૃથ્વીને હરિયાળી બનાવવાનો દસ્તાવેજ કયા નામે ઓળખાય છે?

## પર્યાવરણ

(૧) ચિપકો આંદોલનનો પ્રારંભ કયા જિલ્લામાંથી થયો હતો?
(અ) ચમોલી (બ) હોશંગાબાદ
(ક) બાડમેર (ડ) ઓરંગાબાદ

(૨) આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ કયારે ઉજવવામાં આવે છે?
(અ) ૧૪ ડિસેમ્બર (બ) ૨૭ ડિસેમ્બર
(ક) ૨ ઑક્ટોબર (ડ) ૬ જૂન

(૩) એપિક્કો આંદોલન કયા રાજયમાં શરુ થયું હતું?
(અ) કેરાલા (બ) તમિલનાડુ
(ક) આંધ્ર (ડ) કર્ણાટક

(૪) રિયો પૃથ્વી સંમેલનમાં એકવીસમી સદીમાં પૃથ્વીને હરિયાળી બનાવવાનો દસ્તાવેજ કયા નામે ઓળખાય છે?
(અ) એજન્ડા-૨૦ (બ) એજન્ડા-૨૧
(ક) ગ્રીન અર્થ (ડ) ગ્રીન પ્લેનેટ

(૫) ગોવિંદ વલ્લભપંત હિમાલયી પર્યાવરણ અને વિકાસ સંસ્થાન કયાં આવેલ છે?
(અ) અલમોડ (બ) મુંબઈ
(ક) આગ્રા (ડ) ગ્રીન પ્લેનેટ

(૬) ઈકોલોજી શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ કોણે કર્યો હતો?
(અ) ડાર્વિન (બ) ડૉ. જગદીશ ચંદ્ર બોઝ
(ક) અન્સર્ટ હીકલ (ડ) મીલર

(૭) કેરલમાં સ્થળાંતરિત ખેતી કયા નામે ઓળખાય છે?
(અ) પોનમ (બ) વાલરા
(ક) બાબેરા (ડ) ઝૂમ

(૮) જિમ કાર્બેટ કોણ હતો?
(અ) પર્યાવરણવાદી (બ) એક શિકારી
(ક) પર્યાવરણ શાસ્ત્રી (ડ) બોટોનીસ્ટ

(૯) ભારતમાં વન મહોત્સવની શરુઆત કોણે કરાવી હતી?
(અ) રાધાકૃષ્ણને (બ) સુંદરલાલ બહુગુણાએ
(ક) પાન્ડુરંગ હેગડેએ (ડ) કનૈયાલાલ મુનશીએ

(૧૦) કયુ પક્ષી અભ્યારણ્ય પક્ષીઓનું સ્વર્ગ તરીકે ઓળખાય છે?
(અ) ભરતપુર અભ્ભણારણ્ય (બ) કેવલાદેવ રાષ્ટ્રીય ઉદ્યાન
(ક) ગાંધીનગર પ્રકૃતિ ઉદ્યાન (ડ) જિમ કાર્બેટ અભ્યારણ્ય

(૧૧) ગ્રીન હાઉસ ઈફેક્ટ શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ કોણે કર્યો હતો?
(અ) જે. ફોરિયર (બ) ગ્રેહામબેલ
(ક) અન્સર્ટ હીકલ (ડ) એ.જી. ટ્રાન્સલે

(૧૨) વિશ્વનું સૌથી મોટું માનવસર્જિત સરોવર કયું છે?
(અ) સરદાર સરોવર (બ) વિકટોરીયા સરોવર
(ક) મિશીગન સરોવર (ડ) કાસ્પિરીયન સરોવર

(૧૩) કાર્બન ક્રેડિક સંકલ્પના કયા અધિવેશનનું પરિણામ છે?
(અ) રીયો જી જીનેરો (બ) કયોટો પ્રોટોકોલ
(ક) મોન્ટીરીયલ કરાર (ડ) હરારે

(૧૪) દુનિયામાં સૌ પ્રથમ કાર્બન ટેક્ષ લાદનાર દેશ કયો છે?
(અ) ફિનલેન્ડ (બ) ફ્રાન્સ
(ક) સ્વિત્ઝરલેન્ડ (ડ) ઓસ્ટ્રેલિયા

(૧૫) ભારતનું કયું રાજય 'ટાઈગર સ્ટેટ' તરીકે ઓળખાય છે?
(અ) ગુજરાત (બ) મહારાષ્ટ્ર
(ક) ગુજરાત (ડ) મધ્યપ્રદેશ

## વિવિધા


**વિષય : વિશ્વ વિખ્યાત એરપોર્ટ**

| ક્રમ | એરપોર્ટ | શહેર |
|---|---|---|
| ૧. | કેનેડી એરપોર્ટ | ન્યૂયોર્ક |
| ૨. | નારીતા | ટોકિયો |
| ૩. | હનેડા | ટોકિયો |
| ૪. | હોંગકોંગ | હોંગકોંગ |
| ૫. | ઓર્લિ | પેરિસ |
| ૬. | ચાર્લ્સ ડી ગોસ | પેરિસ |
| ૭. | ચેરમેટિઈવો | મોસ્કો |
| ૮. | હીથ્રો | લંડન |
| ૯. | ચાંગી | સિંગાપુર |
| ૧૦. | કાસતુરપ | કોપનહેગન |
| ૧૧. | ઓ હેર | શિકાગો |
| ૧૨. | કાઈટક | હોંગકોંગ |
| ૧૩. | આર્લાન્ડા | સ્ટોકહોમ |
| ૧૪. | ગેટવિક | લંડન |
| ૧૫. | લા ગાર્ડિયા | ન્યૂયોર્ક |
| ૧૬. | કામરાજ | ચેન્નઈ |
| ૧૭. | નેતાજી સુભાષચંદ્ર | કોલકાત્તા |
| ૧૮. | છત્રપતિ શિવાજી | મુંબઈ |
| ૧૯. | ઈન્દિરા ગાંધી | દિલ્હી |
| ૨૦. | સરદાર પટેલ | અમદાવાદ |

## ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - દિલ્હી મહિલા આયોગના કયા નેતાની નિમણૂકને રાજયપાલે ગેરબંધારણીય ગણી હતી?**
**જવાબ : સ્વાતિ માલિવાલ**

## સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો




(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' - સે-૭
(૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬
(૫) મુળુભા જે. મકવાણા : સે-૮
(૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૭) હિરેન બી. પટેલ : સે-૨૩
(૮) હાર્દિક એન. ભટ્ટ - સે-૨૪
(૯) રૂચિત એ. પટેલ : ધાળેશ્વર પાસે, ગાયત્રીનગર.

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**હરિયાણા સરકારના આરોગ્યમંત્રી કોણ છે?**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ડ (૪) બ (૫) અ (૬) ક (૭) અ (૮) બ (૯) ડ (૧૦) ક
(૧૧) અ (૧૨) ક (૧૩) બ (૧૪) અ (૧૫) ડ

# પહેલાં પ્રણામ ગુરુને પછી ગોવિન્દને, આ પ્રકારના સદ્ગુરુનું સ્મરણ સદૈવ અને અહર્નિશ સાથે હોય જ

સદ્ગુરુદેવાય નમઃ ગુરુ જો સદ્ હોય, સારા સત્ત્વશીલ હોય, તો તે દેવ જ છે. ખરેખર તો ઈશ્વરની ઓળખ જ ગુરુ આપે છે, તેથી બંનેમાં પહેલા પ્રણામ ગુરુને, પછી ગોવિન્દને. આ પ્રકારના સદ્ગુરુનું સ્મરણ સદૈવ અને અહર્નિશ સાથે હોય જ. પરંતુ આજના દિવસે એમનાં સવિશેષ સ્મરણ અને પૂજન હોય. પૂર્ણતા પ્રકાશની પરિપૂર્ણતા ધરાવે છે. મનુષ્યમાં જ્ઞાનનો સૌમ્ય પ્રકાશ ગુરુને કારણે છે. આષાઢ માસ સમૃદ્ધિના ઉદયનો સમય છે. જીવનમાં જ્ઞાન, સમૃદ્ધિ અને સદ્ગુણ ગુરુને કારણે છે.




હનુમાન સદ્ગુરુ છે. એ જ્ઞાનના ગુણસાગર છે, જ્ઞાનના અને સદ્ગુણના સાગર છે અને ત્રિલોક ઉજાગર છે. એ સદ્ગુરુની જેમ કૃપા કરી શકે છે. જો જ્ઞાન હોય, સદ્ગુણ હોય તો તે ત્રણેય લોકને જાગૃતિ આપી શકે.




ગુરુ શબ્દ 'ગૃ' ક્રિયાપદ પરથી બન્યો છે. તમોગુણનો, અંધકારનો નાશ કરે છે. ઉપદેશ આપે છે. માત્ર શાસ્ત્રોનું અક્ષરજ્ઞાન જ નહિ, ચારિત્ર્યનો પણ ઉપદેશ આપે. સંસ્કાર વગરનો મનુષ્ય તુચ્છ છે. ગુરુ સંસ્કારના પ્રદાતા છે અને સંસ્કારને સતત સીંચનારા છે. આ માટે ગુરુને શબ્દના ઉચ્ચારણની પણ જરૂર નથી. ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાઃ છિન્ન સંશયાઃ. સદ્ગુરુનું તો મૌન એ પોતે જ 'વ્યાખ્યાન' છે. તેનાથી શિષ્યોના સંશયો છેદાઈ જાય છે.

આચાર શીખવે છે, તે આચાર્ય છે. વગર બોલ્યે શિષ્યોને આચરણ અંગે જાણવા મળે છે. જ્યાંથી સારું આચરણ શીખવા મળે તે આચાર્ય છે. દત્તાત્રેયની પોતાની ઓળખ જ ગુરુની છે - ગુરુ દત્તાત્રેય. પરંતુ એમને પોતાના જીવનમાં ૨૪ ગુરુ સ્થાપેલા છે. પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્રમા, સૂર્ય, કબૂતર, અજગર, સાગર, પતંગિયું, ભમરો, હાથી, મધમાખી, બાણ બનાવનારો, સાપ, કરોળિયો, પક્ષી. જયાંથી શીખવા મળે તે ગુરુ. 'ફૂલોં સે નીત હંસના સીખો, ભૌંરોં સે નીત ગાના.'

**દત્તાત્રેયની પોતાની ઓળખ જ ગુરુની છે - ગુરુ દત્તાત્રેય. પરંતુ એમને પોતાના જીવનમાં ૨૪ ગુરુ સ્થાપેલા છે. પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્રમા, સૂર્ય, કબૂતર, અજગર, સાગર, પતંગિયું, ભમરો, હાથી, મધમાખી, બાણ બનાવનારો, સાપ, કરોળિયો, પક્ષી.**

જીવનમાં ગુરુશિષ્યનો સંબંધ બીજા કોઈ પણ સંબંધ કરતાં વિશેષ છે. બંનેએ એકબીજાનો દ્વેષ કરવાનો નથી. ॥ વિદ્વિષા વહૈ ॥ ઊલટું ગુરુએ ઈશ્વરને પ્રાર્થના કરવાની - કે તું મને મારા શિષ્યથી કે પુત્રથી પરાજય આપ. ॥ પુત્રાત્ શિષ્યાત્ પરાજયં ઈચ્છેત ॥ પોતાનો શિષ્ય જો ચારિત્ર્યમાં દુષ્ટ નીકળે તો તેનો દોષ આચાર્યને શીરે છે. ॥ આચાર્ય માગચ્છતિ શિષ્યદોષઃ ॥ શિષ્ય જો ધારે તો, માનેલા ગુરુની પ્રતિમા પાસેથી પણ જ્ઞાન મેળવી શકે છે. એકલવ્ય એનું ઉદાહરણ છે. ગુરુનું શ્રેષ્ઠ ઉદાહરણ વેદવ્યાસ છે, તેથી આજનો દિવસ વ્યાસપૂર્ણિમા તરીકે જાણીતો છે. એમનાં તેજસ્વી શિષ્યો પૈલ, વૈશંપાયન, જૈમિની અને સુમન્તુ છે.

આજના દિવસે પોતાના જે કોઈ ઇષ્ટ ગુરુ હોય એમને ભાવસભર પ્રણામ કરવા જોઈએ.